

स्व. श्री गलबाभाई नानजीभाई पटेल

# સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ

આદ્યસ્થાપક, બનાસ ડેરી

૫૩મી પુણ્યતિથિએ પવિત્ર ચરણોમાં શત્ શત્ નમન...

તેમના મૂલ્યો અને સેવાભાવ પેઢી દર પેઢી પ્રેરણા આપતા રહેશે.

Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૩૬ | જાન્યુઆરી- ૨૦૨૬

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભૂખલા ખાતે ગોબર આધારિત બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું કર્યું લોકાર્પણ

## બનાસથી ગુરુગ્રામ સુધી ટકાઉ વિકાસની નવી ક્ષિતિજો: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લીધી 'ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ' કેમ્પસની મુલાકાત

## ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રાજ્યપાલશ્રીએ બનાસ ડેરી અને શંકરભાઈ ચૌધરીના કાર્યોને બિરદાવ્યા



# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભૂખલા ખાતે ગોબર આધારિત બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું કર્યું લોકાર્પણ



- પ્રાકૃતિક ખેતી જ ધરતી માતા, ખેડૂત અને આવનારી પેઢીના સ્વસ્થ ભવિષ્ય માટેની સાચી દિશા છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી
- આ પ્લાન્ટ પર્યાવરણના રક્ષણ સાથે ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો કરશે.: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી
- જેમ બનાસની ધરતી પરથી શ્વેત ક્રાંતિનો ઉદય થયો હતો, તેમ આજે આ જ પવિત્ર ભૂમિ પરથી ગોબર ક્રાંતિનો પ્રારંભ થઈ રહ્યો છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી
- બાયો-સીએનજી પ્લાન્ટ ગ્રામ્ય અર્થતંત્રને નવી ગતિ પ્રદાન કરશે અને ખેડૂતોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનાવશે: કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી



બનાસકાંઠાના વિકાસમાં એક નવો અને મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરતા, વડગામ તાલુકાના ભૂખલા ખાતે બનાસ ડેરી દ્વારા સ્થાપિત 'બનાસ બાયો-સીએનજી મોડેલ પ્લાન્ટ'નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે તકતી અનાવરણ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પ્લાન્ટની પ્રત્યક્ષ મુલાકાત લઈ નકામા બટાકાનો ઊર્જા તરીકે ઉપયોગ, કુદરતી ખાતર બનાવવાની પદ્ધતિ અને ગેસ શુધ્ધિકરણ યુનિટની ટેકનોલોજીનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું.



**રાજ્યપાલશ્રીએ આ પ્રોજેક્ટના દૂરોગામી ફાયદાઓ વિશે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે:**

**ગ્રીનહાઉસ અસરમાં ઘટાડો:** છાણના ખુલ્લા ઢગલામાંથી નિકળતો મિથેન ગેસ કાર્બન ડાયોક્સાઈડ કરતા ૨૫ થી 30 ગણો વધુ નુકસાનકારક હોય છે. આ પ્લાન્ટ મિથેનને કેપ્ચર કરી પ્રદૂષણ ઘટાડશે.
**આર્થિક સદ્ધરતા:** આ મોડેલ ખેડૂતો માટે વધારાની આવકનું સાધન બનશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ આપશે.
**પ્રાકૃતિક ખેતીનો સંદેશ:** ધરતી અને ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્ય માટે 'પ્રાકૃતિક ખેતી' જ એકમાત્ર સાચો વિકલ્પ છે.




### રાસાયણિક ખેતીના જોખમો અને પ્રાકૃતિક ખેતીની અનિવાર્યતા

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર (UNO) ના અહેવાલો મુજબ રાસાયણિક ખેતીને લીધે જમીનની ઉત્પાદકતા સતત ઘટી રહી છે. ખેતીમાં વપરાતા યુરિયા અને ડી.એ.પી. જેવા ખાતરો નાઈટ્રસ ઓક્સાઇડ પેદા કરે છે, જે કાર્બન ડાયોક્સાઇડ કરતાં ૨૭૩ થી 300 ગણું વધુ ઘાતક છે; પરિણામે અતિવૃષ્ટિ અને દુષ્કાળ જેવી કુદરતી આફતોનું પ્રમાણ વધી રહ્યું છે. રાસાયણિક ખાતરોએ જમીનમાં રહેલા ઓર્ગેનિક કાર્બનનું સ્તર 0.૫ ટકાથી પણ નીચે લાવી દીધું છે, જે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ સમાન છે. આ વિકટ પરિસ્થિતિના ઉકેલ રૂપે તેમણે ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતીને અપનાવવી અનિવાર્ય ગણાવી હતી, જેથી ધરતી અને જનજીવન બંનેને સુરક્ષિત કરી શકાય.

### બનાસકાંઠામાં ગોબર ક્રાંતિ: પશુપાલકો માટે આવકનો નવો સ્ત્રોત

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગને ઐતિહાસિક ગણાવતા જણાવ્યું હતું કે, જે ધરતી પરથી દેશની શ્વેત ક્રાંતિનો પાયો નંખાયો હતો, આજે ત્યાંથી જ ગોબર આધારિત ઊર્જા ક્રાંતિનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. આ બાયો-સીએનજી પ્લાન્ટને બનાસકાંઠા માટે ગૌરવ સમાન ગણાવતા તેમણે ઉમેર્યું કે, હવે ખેડૂતોને દૂધની સાથે ગોબરથી પણ આર્થિક લાભ થશે. આ નવતર પ્રોજેક્ટ હેઠળ ખેડૂતો પાસેથી ૧ રૂપિયે કિલોના ભાવે ગોબરની ખરીદી કરવામાં આવશે, એટલું જ નહીં પરંતુ તેના સંગ્રહ અને પરિવહનનો તમામ ખર્ચ પણ બનાસ ડેરી દ્વારા જ વહન કરવામાં આવશે. આ વ્યવસ્થાથી ખેડૂતોના આંગણે વધારાની આવક આવશે અને ગ્રામીણ અર્થતંત્ર વધુ મજબૂત બનશે.

### ગામડાઓના આર્થિક ઉત્થાન માટે સ્વચ્છ ઊર્જાનું નવું મૉડેલ

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, બાયો-સીએનજી પ્લાન્ટના માધ્યમથી ગ્રામીણ અર્થતંત્રને એક નવી ગતિ મળશે, જે ખેડૂતોની આવક વધારવાની સાથે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં વિકાસની નવી ક્ષિતિજો ખોલશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ બનાસકાંઠાથી શરૂ થયેલું આ 'વેસ્ટ-ટુ-એનર્જી' વિકાસ મૉડેલ આગામી સમયમાં સમગ્ર ગુજરાતમાં અમલી બનાવવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે. આ પ્રોજેક્ટ પર્યાવરણની જાળવણી અને ગ્રામીણ સમૃદ્ધિના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.



### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ખેડૂતો અને વિદ્યાર્થીઓ સાથે પ્રેરક જન્મદિવસ ઉજવણી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી અન્નદાતા એવા ખેડૂતોની વચ્ચે રહીને કરી હતી. માનવીય મૂલ્યો અને શિક્ષણને પ્રાધાન્ય આપતા તેમણે આ અવસરે વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ કરી પ્રોત્સાહિત કર્યા હતા. જનહિતને વરેલા રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા ધરતી માતાના રક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ અપનાવવા હાર્દિક આહ્વાન કર્યું હતું. તેમની આ સાદગીપૂર્ણ ઉજવણી પર્યાવરણ અને સમાજ સેવા પ્રત્યેના તેમના સમર્પણને ઉજાગર કરે છે.

### બનાસ મૉડેલ: સુઝુકી ઈન્ડિયા અને બનાસ ડેરીનો પર્યાવરણલક્ષી સમન્વય

બનાસકાંઠાના વડગામ સ્થિત ભૂખલા ખાતે સુઝુકી ઈન્ડિયા અને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે 'બનાસ બાયો-સીએનજી' પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે, જે ટકાઉ વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ અત્યાધુનિક પ્લાન્ટ દરરોજ આશરે ૧ લાખ કિલો છાણનું પ્રોસેસિંગ કરીને ૧૯૦૦ કિલો શુદ્ધ બાયો-સીએનજીનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે અહીં ઓનસાઈટ પંપ દ્વારા બજાર ભાવ કરતાં રૂ. ૨ ઓછા દરે સીએનજી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉપરાંત, ગેસ ઉત્પાદન પ્રક્રિયા બાદ વધતી સ્લરીમાંથી "ભૂમિ અમૃત" નામના પ્રમાણિત ઘન અને પ્રવાહી જૈવિક ખાતરો તૈયાર કરાય છે, જે જમીનની ફળદ્રુપતા વધારી રાસાયણિક ખાતરોનો વિકલ્પ પૂરો પાડે છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ગૌ-આધારિત અર્થતંત્રને મજબૂત બનાવવાના લક્ષ્ય સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ ખેડૂતોના સર્વાંગી કલ્યાણ માટે ખરા અર્થમાં "બનાસ મૉડેલ" સાબિત થશે.






કાર્યક્રમ પછી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સોશિયલ મીડિયા પર પોસ્ટમાં લખ્યું હતું કે, વડગામ ખાતે બનાસ ડેરી દ્વારા સ્થાપિત 'બનાસ બાયો-સીએનજી મૉડેલ પ્લાન્ટ'નું ઉદ્ઘાટન કર્યું, જે માત્ર સ્વચ્છ ઊર્જાનો સ્રોત જ નહીં પરંતુ પર્યાવરણ સુરક્ષા અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિનું જીવંત ઉદાહરણ છે. પ્રાકૃતિક ખેતી એ આપણી જમીન, ખેડૂતો અને ભાવિ પેઢીના સ્વાસ્થ્યના રક્ષણનો એકમાત્ર માર્ગ છે, જ્યાં છાણમાંથી નીકળતા હાનિકારક મિથેન ગેસને હવે સ્વચ્છ ઈંધણમાં રૂપાંતરિત કરી પર્યાવરણની રક્ષા સાથે પશુપાલકોની આવકમાં પણ વધારો કરવામાં આવશે. દરરોજ 1 લાખ કિલો છાણ પ્રોસેસ કરીને 1900 કિલો બાયો-સીએનજી ઉત્પન્ન કરતા આ પ્લાન્ટમાંથી 'ભૂમિ અમૃત' ખાતર પણ તૈયાર થશે જે જમીનની ફળદ્રુપતા વધારશે, અને અહીં ઉત્પાદિત સીએનજી બજાર ભાવ કરતા 2 રૂપિયા સસ્તો મળતા તે 'આત્મનિર્ભર ભારત' તરફનું એક મોટું પગલું સાબિત થશે. મારા જન્મદિવસના અવસરે ખેડૂતોની વચ્ચે રહીને વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ આપવાની તક મળી તે મારા માટે સૌથી આનંદદાયક ભેટ છે, અને હું તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આગ્રહ કરું છું.



### ઉપસ્થિત મહાનુભાવો

આ ગરિમાપૂર્ણ અવસરે રાજ્યપાલશ્રી અને મંત્રીશ્રીઓની સાથે પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, રાધનપુરના ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર સહિત બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ, શ્રેષ્ઠીઓ, વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામે બનાસ ડેરીના આ નવતર અભિગમને બિરદાવી બનાસકાંઠાના ઉજ્જવળ ભવિષ્ય માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# ટકાઉ વિકાસ તરફ આગેકૂચ:
# ભૂખલા ખાતે NDDB, બનાસ ડેરી અને સુઝુકી વચ્ચે ત્રિપક્ષીય કરાર

ભૂખલા ખાતે માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ મોટી સંખ્યામાં પશુપાલકોની હાજરીમાં NDDB, બનાસ ડેરી અને સુઝુકી વચ્ચે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જે પશુપાલકોની આવકમાં વૃદ્ધિ કરવા માટે એક નવો માર્ગ પ્રશસ્ત કરશે.

આ પહેલથી ખેડૂતોને ગોબરના ઘરઆંગણે યોગ્ય ભાવ મળશે, વાહનો માટે બાયો-CNG સ્વચ્છ ઈંધણ તથા પ્રાકૃતિક ખેતી માટેનું જૈવિક ખાતર સસ્તા ભાવે ઉપલબ્ધ બનશે. 'વેસ્ટ ટુ વેલ્થ' અભિગમ સાથે જોડાયેલી આ પહેલ ટકાઉ ગ્રામિણ વિકાસને મજબૂત બનાવે છે. બનાસ ડેરી દૂધ ઉત્પાદનની સાથે ઉર્જા ક્ષેત્રે પણ સહકારનું નવું અને અસરકારક મોડલ સ્થાપિત કરી રહી છે.





# બનાસ ડેરી અને સુઝુકીની ભાગીદારી ખેડૂત હિતનો નવો અધ્યાય

"મને પૂરો વિશ્વાસ છે કે દેશમાં પરિવર્તનની જે લહેર આવશે, તેનો પાયો અહીંથી જ નંખાશે. આજે આ મંચ પર સુઝુકી જેવી વૈશ્વિક કંપનીના પ્રતિનિધિઓ બિરાજમાન છે, જે પોતે એક મોટા બદલાવનું પરિણામ છે. વિચારવા જેવી વાત છે કે, આપણી એક સહકારી ડેરી પ્લાન્ટ શરૂ કરે અને જાપાનની સુઝુકી જેવી દિગ્ગજ કંપની અહીં સંશોધન કરવા આવે! એટલું જ નહીં, સંશોધન બાદ તેઓ આ પ્રોજેક્ટમાં ભાગીદાર બનવાની ઈચ્છા વ્યક્ત કરે છે. ત્યારે આપણા શંકરભાઈ ચૌધરીએ જે રીતે વાત મૂકી તે પ્રશંસનીય છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે— 'તમારી ભાગીદારીથી ફાયદો ચોક્કસ થશે, પરંતુ શરતો અમારી રહેશે; ખેડૂતોને તેમના ઉત્પાદનનો શું ભાવ આપવો, તે અમે નક્કી કરીશું.' કોઈપણ સંજોગોમાં ખેડૂતોના હિત સાથે બાંધછોડ ન કરવાની શંકરભાઈની આ સંવેદના અને દ્રઢતાને હું હૃદયપૂર્વક વંદન કરું છું."

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી



# માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'બનાસ ડેરી'ના વિવિધ આધુનિક પ્લાન્ટ્સ અને ઉત્પાદન એકમોની લીધી મુલાકાત



**સહકારથી સમૃદ્ધિનું જીવંત ઉદાહરણ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ ડેરીની વૈશ્વિક ક્ષમતાઓને નિહાળી.**

**પશુપાલકોની આવક વધારવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં બનાસ ડેરીની ભૂમિકાને રાજ્યપાલશ્રીએ બિરદાવી.**

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન 'બનાસ ડેરી' (બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.) ના પાલનપુર અને બાદરપુરા સ્થિત વિવિધ આધુનિક પ્લાન્ટ્સની સદભાવના મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સહકારી ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ અને પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે થઈ રહેલી કામગીરીનું નિરીક્ષણ કરવાનો હતો. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### સહકારી ક્ષેત્રમાં આધુનિકતાનો સમન્વય

મુલાકાતના પ્રારંભમાં રાજ્યપાલશ્રીએ પાલનપુર ખાતેના મુખ્ય સંકુલમાં કાર્યરત એશિયાના સૌથી મોટા અને અત્યાધુનિક ચીઝ પ્લાન્ટ, પનીર પ્લાન્ટ અને દૂધ પ્રક્રિયા એકમોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે ડેરી દ્વારા ઉત્પાદિત થતા વિવિધ મૂલ્યવર્ધિત (Value-added) ઉત્પાદનોની પ્રક્રિયા અને ગુણવત્તા નિયંત્રણની વૈશ્વિક કક્ષાની પદ્ધતિઓ નિહાળી હતી. ડેરીના તજજ્ઞોએ તેમને સમજાવ્યું હતું કે કેવી રીતે રોબોટિક અને ઓટોમેટેડ ટેક્નોલોજી દ્વારા માનવીય સ્પર્શ વગર શુદ્ધ અને પૌષ્ટિક દૂધની બનાવટો ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. રાજ્યપાલશ્રીએ પશુપાલકોને આપવામાં આવતા સીધા આર્થિક લાભ અને પારદર્શક વહીવટની પણ સરાહના કરી હતી.







### કૃષિ અને પશુપાલન દ્વારા આત્મનિર્ભરતાનો મંત્ર

આ મુલાકાત દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રસંશા કરતાં કહ્યું હતું કે, બનાસ ડેરીએ માત્ર દૂધના વ્યવસાય પૂરતું મર્યાદિત ન રહીને ખેડૂતો અને પશુપાલકોને સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે ઉમેર્યું કે સહકારના માધ્યમથી ગ્રામીણ અર્થતંત્રને કેવી રીતે વેગ આપી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ બનાસ ડેરીએ પૂરું પાડ્યું છે. વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરીએ આ તબક્કે ભારપૂર્વક જણાવ્યું હતું કે બનાસકાંઠાની આર્થિક સમૃદ્ધિના મૂળમાં પશુપાલકોનો પરિશ્રમ અને ડેરીની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે, જે લાખો પરિવારોને સ્થિર આવક પૂરી પાડે છે.

### બાદરપુરા ફૂડ કોમ્પ્લેક્ષ: વૈવિધ્યીકરણની નવી ક્ષિતિજો

રાજ્યપાલશ્રીએ બાદરપુરા સ્થિત બનાસ ડેરીના ફૂડ કોમ્પ્લેક્ષની મુલાકાત લઈને ડેરીના વૈવિધ્યીકરણના પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે ઓઇલ મિલ, અનાજ દળવાના યુનિટ અને ખાસ કરીને આંગણવાડીના બાળકો માટે તૈયાર કરવામાં આવતા 'ટેક હોમ રાશન' (THR) પ્લાન્ટની મુલાકાત લીધી હતી. બાળકોના કુપોષણ નિવારણ માટે ડેરી દ્વારા જે ગુણવત્તાયુક્ત પૂરક આહાર બનાવવામાં આવે છે, તેને રાજ્યપાલશ્રીએ માનવસેવાનું ઉત્તમ કાર્ય ગણાવ્યું હતું.

### આયુર્વેદિક ચિકિત્સા અને કુદરતી ખેતી પર ભાર

પશુઓના આરોગ્ય માટે બનાસ ડેરી દ્વારા દેશી અને આયુર્વેદિક પદ્ધતિથી તૈયાર કરવામાં આવતી દવાઓના યુનિટની મુલાકાત રાજ્યપાલશ્રી માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. પ્રાકૃતિક ખેતીના હિમાયતી એવા રાજ્યપાલશ્રીએ પશુ ચિકિત્સામાં એન્ટિબાયોટિક્સનો વપરાશ ઘટાડી આયુર્વેદિક ઉપચાર અપનાવવાના ડેરીના અભિગમને ખૂબ જ પ્રશંસનીય ગણાવ્યો હતો.

### હની પ્રોજેક્ટ અને ટીશ્યુ કલ્ચર લેબ

રાજ્યપાલશ્રીએ હની ફેસિલિટી સેન્ટરની મુલાકાત લઈને મધમાખી ઉછેર દ્વારા પશુપાલકોની આવક બમણી કરવાના પ્રયાસોની વિગતો મેળવી હતી. આ ઉપરાંત, તેમણે પોટેટો ટીશ્યુ કલ્ચર લેબમાં આધુનિક ટેક્નોલોજીથી તૈયાર થતા બટાટાના બિયારણો અને ખેતી ખર્ચ ઘટાડવાની પદ્ધતિઓ વિશે કૃષિ વૈજ્ઞાનિકો સાથે ગહન ચર્ચા કરી હતી. તેમણે સૂચવ્યું હતું કે ટેક્નોલોજી અને પરંપરાગત જ્ઞાનનો સંગમ જ ભારતના ખેડૂતને વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવશે.

સમગ્ર મુલાકાતના અંતે, રાજ્યપાલશ્રીએ બનાસ ડેરીના ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સંસ્થા સહકારી ક્ષેત્રે સમગ્ર દેશ માટે એક 'રોલ મોડેલ' તરીકે કાર્ય કરતી રહેશે.



"બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ માત્ર સ્વચ્છ ઉર્જાનો સ્ત્રોત નથી, પરંતુ પર્યાવરણ સુરક્ષા અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિનું એક જીવંત 'બનાસ મોડેલ' છે. આ પ્રોજેક્ટ પર્યાવરણનું જતન કરવાની સાથે પશુપાલકોની આવકમાં પણ વૃદ્ધિ કરશે."

માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી






# બનાસથી બનારસ: પશુપાલન ક્ષેત્રે શ્વેતક્રાંતિ અને ટેકનોલોજીનો સુમેળ

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

પશુપાલન એ માત્ર વ્યવસાય નથી, પણ ભારતીય ગ્રામીણ અર્થતંત્રની જીવાદોરી છે. બનાસ ડેરી હંમેશા પશુપાલકોના ઉત્કર્ષ માટે કટિબદ્ધ રહી છે. તાજેતરમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ વારાણસી સ્થિત 'બનાસ કાશી સંકુલ' ની મુલાકાત લીધી હતી. ત્યાં જે રીતે દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગની કામગીરી ચાલી રહી છે, તે પરથી ચોક્કસપણે કહી શકાય કે બનાસ ડેરી શ્વેતક્રાંતિના એક નવા અધ્યાયમાં પ્રવેશી ચુકી છે.

### ટેકનોલોજી અને પશુ સંવર્ધનનો નવો રાહ

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ, આ મુલાકાત દરમિયાન આરાજી ફાર્મ ખાતે ચાલી રહેલી એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ ટેકનોલોજી (ETT) ની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું. આ ટેકનોલોજી પશુપાલન ક્ષેત્રે ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે.

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું દૂરંદેશી નેતૃત્વ

આ તમામ પ્રગતિ પાછળ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું માર્ગદર્શન અને વિઝન રહેલું છે. તેમના નેતૃત્વ હેઠળ પશુ સંવર્ધન ક્ષેત્રે જે નૂતન પ્રયોગો થઈ રહ્યા છે, તેના સકારાત્મક પરિણામો આજે કાશીની ધરતી પર સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. વડાપ્રધાનશ્રીનો લક્ષ્યાંક છે કે ટેકનોલોજીનો ઉપયોગ સામાન્ય પશુપાલકના ઘર સુધી પહોંચે અને તેની આર્થિક સ્થિતિ મજબૂત બને.

"બનાસ ડેરી માત્ર દૂધ જ નથી એકત્ર કરતી, પણ પશુપાલકોના સપનાઓને પણ સીંચે છે. કાશી સંકુલમાં થઈ રહેલી કામગીરી પશુપાલન અને ટેકનોલોજીના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે."



**ઉચ્ચ ગુણવત્તાનું સંવર્ધન:** એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ દ્વારા શ્રેષ્ઠ ઓલાદની ગાયો તૈયાર કરવામાં આવી રહી છે.

**પરિણામલક્ષી અભિગમ:** છેલ્લા વર્ષોમાં આ પદ્ધતિથી જન્મેલા વાછરડાં અને ગાયોનો વિકાસ અત્યંત પ્રભાવશાળી છે.

**દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ:** આધુનિક સંવર્ધન પદ્ધતિઓને કારણે ગાયોની દૂધ આપવાની ક્ષમતામાં મોટો વધારો જોવા મળ્યો છે, જે સીધો પશુપાલકોની આવકમાં વધારો કરશે.



### ભવિષ્યનો સંકલ્પ

બનાસ કાશી સંકુલ આજે ઉત્તર પ્રદેશના લાખો પશુપાલકો માટે આશાનું કિરણ બન્યું છે. બનાસ ડેરી પરિવાર માટે આ ગર્વની ક્ષણ છે કે ગુજરાતની સીમાઓ વટાવીને પવિત્ર કાશી નગરીમાં પણ શ્વેતક્રાંતિના વાવેતર કર્યા છે.

આગામી સમયમાં બનાસ ડેરી એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ જેવી આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધુ વધારશે, જેથી દરેક પશુપાલક સમૃદ્ધ બને અને ભારત ફરી એકવાર વિશ્વમાં ડેરી ક્ષેત્રે સર્વોપરી બને.

# "બનાસથી ગુરુગ્રામ સુધી ટકાઉ વિકાસની નવી ક્ષિતિજો: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લીધી TERI કેમ્પસની મુલાકાત"

એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરી હંમેશા પરંપરાગત મૂલ્યો અને આધુનિક ટેકનોલોજીના સમન્વય માટે જાણીતી રહી છે. આ કડીને વધુ મજબૂત બનાવતા, બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગુરુગ્રામ સ્થિત 'ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ' (TERI) ના ગ્વાલ પહારી કેમ્પસની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ડેરી ઉદ્યોગ, કૃષિ અને પર્યાવરણના ક્ષેત્રમાં સંશોધન અને આધુનિક વિજ્ઞાનનો ઉપયોગ કરીને પશુપાલકોની આવક વધારવા અને પ્રકૃતિનું જતન કરવાનો હતો.

મુલાકાત દરમિયાન TERI ના ડાયરેક્ટર જનરલ ડૉ. વિભા ધવન દ્વારા બનાસ ડેરીના પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જ અને ગ્રામીણ આજીવિકાના પડકારોનો સામનો કરવા માટે ટેકનોલોજી આધારિત સંકલિત ઉકેલો અનિવાર્ય છે. TERI ના નિષ્ણાતો દ્વારા 'ગ્રીનર, ક્લીનર અને રેઝિલિયન્ટ' ઇકોસિસ્ટમ માટેનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ડેરી કામગીરીમાં ઊર્જા સંરક્ષણ, ખેતીમાં કાર્બન ક્રેડિટનો લાભ અને એગ્રોફોરેસ્ટ્રી જેવા વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 'GRIHA' રેટિંગ સિસ્ટમ અપનાવવા અને ટેટ્રા પેક જેવા ટકાઉ પેકેજિંગ દ્વારા દૂધની શેલ્ફ લાઈફ વધારવા અંગેના સૂચનો બનાસ ડેરી માટે પથદર્શક સાબિત થઈ શકે તેમ છે.









ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને પ્રતિનિધિમંડળે TERI ની અત્યાધુનિક લેબોરેટરીઓની પણ મુલાકાત લીધી હતી. જેમાં સસ્ટેનેબલ એગ્રીકલ્ચર લેબ, ટાટા કેમિકલ્સ-TERI સેન્ટર ઓફ એક્સેલન્સ અને ફર્મેન્ટેશન ટેકનોલોજી રિસર્ચ સેન્ટરનો સમાવેશ થાય છે. અહીં નેનો-ફર્ટિલાઈઝર અને માયકોરાઈઝા બાયો-ફર્ટિલાઈઝર જેવી આધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીના ઉપયોગથી બનાસકાંઠાના ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકશે અને જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહેશે. આ ઉપરાંત, પાણીના પુનઃઉપયોગ માટેની TADOX ટેકનોલોજી વિશે પણ વિગતવાર માહિતી મેળવી હતી, જે ડેરી પ્લાન્ટમાં પાણીના વપરાશને વધુ કાર્યક્ષમ બનાવવામાં મદદરૂપ થશે.

આ મુલાકાતના અંતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "TERI ના દરેક વિભાગ પાસે બનાસ ડેરી અને પશુપાલકોના વિકાસમાં યોગદાન આપવા માટે ઘણું બધું છે. વિજ્ઞાન અને સહકારના આ જોડાણથી આપણે ગ્રામીણ અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જઈશું." તેમણે TERI ની ટીમને બનાસ ડેરીના પ્લાન્ટની મુલાકાત લેવા માટે પણ હાર્દિક આમંત્રણ આપ્યું હતું. આગામી સમયમાં બનાસ ડેરી અને TERI વચ્ચે રિન્યુએબલ એનર્જી, ક્લાઈમેટ સ્માર્ટ એગ્રીકલ્ચર અને બાયો-પ્રોડક્ટ્સના ક્ષેત્રમાં મોટા પાયે સંયુક્ત પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે, જે ડેરી ઉદ્યોગમાં એક નવો ઈતિહાસ રચશે.





**"શ્વેત ક્રાંતિની સવાર"**

પરિશ્રમ અને પશુસેવાનો સમન્વય એટલે બનાસની સફળતા.
કુદરતના ખોળે પશુધનની માવજત કરતી આપણી માતા-બહેનો
જ ગ્રામીણ અર્થતંત્રના સાચા શિલ્પી છે

# ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રાજ્યપાલશ્રીએ બનાસ ડેરી અને શંકરભાઈ ચૌધરીના કાર્યોને બિરદાવ્યા

૨૬મી જાન્યુઆરીએ સમગ્ર ગુજરાત રાજ્યમાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ નવનિર્મિત સરહદી જિલ્લા વાવ-થરાદ ખાતે યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમજ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

આ ગૌરવશાળી પ્રસંગે સંબોધન કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસ ડેરી અને તેના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.




## બનાસ ડેરી: પશુપાલકોની સમૃદ્ધિનું સબળ માધ્યમ

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વાવ-થરાદ વિસ્તાર મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત છે. એક સમય એવો હતો જ્યારે અહીં માત્ર રેતીના ઢુવા જોવા મળતા હતા, પરંતુ આજે નર્મદાના નીર અને બનાસ ડેરીના સહયોગથી આ સમગ્ર વિસ્તાર હરિયાળો અને સમૃદ્ધ બન્યો છે. તેમણે ઉમેર્યું કે:

**આત્મનિર્ભરતા:**

બનાસ ડેરીના માધ્યમથી આજે અહીંના લાખો પશુપાલકો આર્થિક રીતે આત્મનિર્ભર બન્યા છે.

**શ્વેત ક્રાંતિ:** શંકરભાઈ ચૌધરીના કુશળ નેતૃત્વ હેઠળ ડેરીએ પશુપાલકોના ઉત્થાન માટે જે નવીન આયામો સર કર્યા છે, તે ખરેખર વંદનીય છે.

## પ્રાકૃતિક ખેતી અને ગાય આધારિત ખેતી પર ભાર

રાજ્યપાલશ્રીએ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રયાસો અને બનાસ ડેરીના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું કે, આ રણ પ્રદેશ જેવા વિસ્તારને હરિયાળો બનાવવામાં સહકારી પ્રવૃત્તિઓનો મોટો ફાળો છે. આ સાથે તેમણે માતા પિતાને અપીલ કરી હતી કે, દીકરા-દીકરીના શિક્ષણમાં ભેદભાવ રાખ્યા વગર બાળકોને ઉચ્ચ શિક્ષણ આપો અને તેમને વ્યસનમુક્ત તથા સંસ્કારવાન બનાવો જેથી તેઓ કુળ અને દેશનું ગૌરવ વધારી શકે.



પશુપાલન સાથે જોડાયેલા આ વિસ્તારના ખેડૂતોને રાજ્યપાલશ્રીએ 'ઝેરમુક્ત ખેતી' એટલે કે પ્રાકૃતિક ખેતી અપનાવવા વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે, "જો તમે પ્રાકૃતિક ખેતી તરફ વળશો તો પર્યાવરણ, ધરતી માતા અને ગૌમાતાની રક્ષા થશે, સાથે જ લોકોનું સ્વાસ્થ્ય સુધરશે અને જમીનમાં પાણીના તળ પણ ઊંચા આવશે. વાવ- થરાદ જિલ્લાને પ્રાકૃતિક ખેતીમાં એક 'મોડેલ જિલ્લો' બનાવવા તેમણે જિલ્લા વાસીઓને અપીલ કરી હતી.

રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીના જોખમો સામે લાલબત્તી ધરતા જણાવ્યું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોને કારણે જમીન અને માનવ સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. તેમણે બનાસકાંઠાના ખેડૂતોને આહવાન કર્યું.



**ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી જમીનને ઝેરમુક્ત બનાવે.**

**ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક પેદાશોની વધતી માંગને કારણે ખેડૂતોની આવકમાં ધરખમ વધારો થશે અને સમૃદ્ધિના દ્વાર ખુલશે.**

## નેતૃત્વની પ્રશંસા

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વિઝનરી નેતૃત્વ વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ ગર્વ વ્યક્ત કર્યો હતો કે, બનાસ ડેરી માત્ર દૂધ એકત્ર કરવાનું કેન્દ્ર નથી, પરંતુ તે છેવાડાના માનવીના જીવનમાં પરિવર્તન લાવવાનું એક સશક્ત માધ્યમ બની છે. ધરતી માતાનું ઋણ અદા કરવા માટે પશુપાલકો અને ખેડૂતો જે રીતે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે, તે દેશ માટે એક ઉદાહરણ પૂરું પાડે છે.

આમ, વાવ-થરાદના આંગણે ઉજવાયેલ પ્રજાસત્તાક પર્વ માત્ર દેશભક્તિનો ઉત્સવ જ નહીં, પરંતુ વાવ થરાદ અને બનાસકાંઠાની પ્રગતિ અને સહકારી ક્ષેત્રની તાકાતનું પ્રતીક બની રહ્યો.

# થરાદની ધરા પર ગૌ-ગૌરવનું નૂતન પ્રતીક:

# 'ગૌ માતા સર્કલ' દ્વારા પશુપાલન સંસ્કૃતિનું સન્માન

થરાદ



**નવી ઓળખ:** થરાદ વિસ્તાર જે પશુપાલન માટે જાણીતો છે, તેને આ સર્કલ દ્વારા એક ભવ્ય વિઝ્યુઅલ આઈડેન્ટિટી મળી છે.

**સેવાનો સંદેશ:** "ગૌ સેવા એ જ પ્રભુ સેવા" ના મંત્રને આ મૂર્તિ પ્રત્યેક પસાર થતા નાગરિકના મનમાં જીવંત રાખશે.

**સંસ્કૃતિનું જતન:** આધુનિકતાના યુગમાં આપણી મૂળભૂત ગૌ-સંસ્કૃતિને જાળવી રાખવાનો આ એક સુંદર પ્રયાસ છે.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના મૂળ અને સંસ્કૃતિને આટલું સન્માન આપે છે, ત્યારે આખા સમાજનું ગૌરવ વધે છે. થરાદનું આ 'ગૌ માતા સર્કલ' આવનારી પેઢીઓને પશુપાલનનું મહત્વ અને જીવદયાના પાઠ ભણાવતું રહેશે. બનાસ ડેરી પરિવાર તરફથી શ્રી શંકરભાઈ ચૌધરીને અને થરાદવાસીઓને આ સરાહનીય કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન!

થરાદ, જેની માટીમાં પશુપાલન અને કૃષિના સંસ્કાર વણાયેલા છે, ત્યાં તાજેતરમાં એક ઐતિહાસિક અને આસ્થાના મિલન સમી ઘટના આકાર પામી છે. બનાસ ડેરીના ચેરમેન અને થરાદના લોકપ્રિય ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીના વિઝન અને માર્ગદર્શન હેઠળ, થરાદ ચોકડી ખાતે ભવ્ય 'ગૌ માતાની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે.

## ભક્તિ અને શક્તિનો સંગમ

૨૫ જાન્યુઆરીના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. હવે આ સ્થળ માત્ર એક ટ્રાફિક જંક્શન નથી, પરંતુ 'ગૌ માતા સર્કલ' તરીકે ઓળખાતી એક નવી ઓળખ બની ગયું છે. આ પ્રતિમા આપણી સંસ્કૃતિ, કરુણા અને પશુપાલકોની શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે.

## પશુપાલકોનું ગૌરવ અને બનાસ ડેરીનું વિઝન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પોતે એક ખેડૂત અને પશુપાલક હોવાથી, તેઓ પશુપાલકોના હૃદયની વાત સારી રીતે સમજે છે. બનાસ ડેરીના માધ્યમથી લાખો પરિવારોના જીવનમાં સમૃદ્ધિ લાવ્યા બાદ, તેમણે આ પ્રતિમાની સ્થાપના દ્વારા ગૌ માતા પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.



# બનાસ ડેરીની નવી પહેલ: ઇઝરાયેલી ટેકનોલોજી અને આધુનિક પદ્ધતિઓ દ્વારા બનાસકાંઠાના ખેતી ક્ષેત્રે આવશે 'વ્હાઇટ અને ગ્રીન રિવોલ્યુશન'

**સણાદર કેમ્પસ ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને ઇઝરાયેલી વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં**



બનાસકાંઠા જિલ્લો હંમેશા ખેતી અને પશુપાલન ક્ષેત્રે અગ્રેસર રહ્યો છે, પરંતુ બદલાતા સમય સાથે પરંપરાગત ખેતીમાં આધુનિકતાનો સમન્વય કરવો અનિવાર્ય બન્યો છે. તાજેતરમાં બનાસ ડેરીના સણાદર કેમ્પસ ખાતે ખેડૂતો અને પશુપાલકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં ખેતીની નવી દિશાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## વૈજ્ઞાનિક અભિગમ અને વૈશ્વિક માર્ગદર્શન

આ બેઠકનું મુખ્ય આકર્ષણ ઇઝરાયેલથી ખાસ પધારેલા જાણીતા વૈજ્ઞાનિક ડૉ. ચેરી શેરોન હતા. ઇઝરાયેલ જેવો દેશ, જે ઓછા પાણીમાં પણ ગુણવત્તાયુક્ત ખેતી માટે વિશ્વભરમાં જાણીતો છે, ત્યાંની ટેકનોલોજીનો લાભ બનાસકાંઠાના ખેડૂતોને મળે તેવો મુખ્ય ઉદ્દેશ્ય અહીં રજૂ કરવામાં આવ્યો હતો. આ સાથે બનાસ ડેરીના વરિષ્ઠ અધિકારી ડૉ. દિલીપ ચૌધરી દ્વારા જમીનની તંદુરસ્તી અને ઉત્પાદકતા વધારવા અંગે ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### ચર્ચાના મુખ્ય મુદ્દાઓ: ઓછા ખર્ચે વધુ ઉત્પાદન

બેઠક દરમિયાન ખેડૂતોને સ્પર્શતા પાયાના પ્રશ્નો અને તેના ઉકેલો પર ભાર મૂકવામાં આવ્યો હતો:

**ગુણવત્તાયુક્ત ઉત્પાદન:** પાકોની ગુણવત્તા સુધારીને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક કિંમત કેવી રીતે મેળવવી.

**ખર્ચમાં ઘટાડો:** બિનજરૂરી રાસાયણિક ખાતરો અને દવાઓનો વપરાશ ઘટાડીને ખેતીને નફાકારક બનાવવી.

**ટેકનોલોજીનો ઉપયોગ:** આધુનિક મશીનરી અને વૈજ્ઞાનિક ડેટાનો ઉપયોગ કરી સચોટ ખેતી તરફ વળવું.



### ટકાઉ ખેતી અને જમીન સંરક્ષણ

આગામી પેઢી માટે ખેતીલાયક જમીન બચાવવી એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરી માત્ર દૂધના વ્યવસાય પૂરતી સીમિત નથી, પરંતુ ખેડૂતોની જમીન સમૃદ્ધ રહે અને તેની ફળદ્રુપતા જળવાઈ રહે તે માટે પણ કટિબદ્ધ છે. રાસાયણિક ખાતરોનો સમજદારીપૂર્વક ઉપયોગ અને જમીનનું સંરક્ષણ એ ભવિષ્યની ટકાઉ ખેતીનો પાયો છે.

### ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો ખેડૂતોને પ્રેરક સંદેશ

બેઠક દરમિયાન ખેડૂતોને સંબોધતા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અત્યંત આત્મીયતા સાથે જણાવ્યું હતું કે:

"બનાસકાંઠાની ધરતી આપણી માતા છે અને એને સાચવવી એ આપણી નૈતિક જવાબદારી છે. આજે જ્યારે ખેતીમાં ખર્ચ વધી રહ્યો છે અને જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, ત્યારે આપણે પરંપરાગત રીતભાતની સાથે આધુનિક વિજ્ઞાનનો હાથ પકડવો પડશે. ઇઝરાયેલ જેવા દેશોએ જે રીતે ઓછા પાણી અને મર્યાદિત સંસાધનોમાં વિશ્વને શ્રેષ્ઠ ખેતી કરી બતાવી છે, તેવી જ રીતે આપણે પણ બનાસની ધરતી પર પરિવર્તન લાવવાનું છે.

મારો ઉદ્દેશ્ય છે કે અમારો ખેડૂત માત્ર મહેનત ન કરે, પણ ટેકનોલોજીનો ઉપયોગ કરીને 'સ્માર્ટ ફાર્મર' બને. આપણે રાસાયણિક ખાતરોનો આંધળો ઉપયોગ ઘટાડીને જમીનને ઝેરમુક્ત બનાવવાની છે, જેથી આપણી આવનારી પેઢીને પણ આપણે ફળદ્રુપ જમીન વારસામાં આપી શકીએ. બનાસ ડેરી હંમેશા તમારી સાથે છે – માત્ર દૂધના વ્યવસાયમાં જ નહીં, પણ તમારા ખેતરના દરેક ક્યારામાં સમૃદ્ધિ લાવવા માટે. ચાલો, આપણે સૌ સાથે મળીને આધુનિક અને ટકાઉ ખેતી દ્વારા બનાસકાંઠાને કૃષિ ક્ષેત્રે વિશ્વના નકશા પર અગ્રેસર બનાવીએ."

"બનાસ ડેરીનો ઉદ્દેશ્ય છે કે બનાસકાંઠાનો ખેડૂત માત્ર ખેતમજૂર ન બની રહેતા એક સક્ષમ એગ્રી-બિઝનેસમેન બને. ઇઝરાયેલી ટેકનોલોજી અને આપણી મહેનત મળીને ખેતીમાં નવો ઇતિહાસ રચશે." — ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

### ખેડૂતોનો ઉત્સાહ અને ઉજ્જવળ ભવિષ્ય

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોએ ઇઝરાયેલી ટેકનોલોજી વિશે પુછપરછ કરી હતી અને આધુનિક પદ્ધતિઓ અપનાવવાની તૈયારી દર્શાવી હતી. બનાસ ડેરી દ્વારા આગામી સમયમાં ખેડૂતોને વધુ સચોટ અને પાયાનું માર્ગદર્શન મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થાઓ અને પ્રોજેક્ટ્સ કાર્યરત કરવામાં આવશે.

આ મુલાકાત અને બેઠક આગામી સમયમાં બનાસકાંઠાના કૃષિમાં મોટું પરિવર્તન લાવશે તે નિશ્ચિત છે.




•••

# બ્રાઉન અમૃત (સ્લરી): બનાસની ધરતી પરથી પ્રાકૃતિક ખેતીનો નવો મંત્ર



બનાસકાંઠાના ખેડૂતો માટે પશુપાલન બાદ હવે ખેતીમાં પણ સમૃદ્ધિના દ્વાર ખુલ્યા છે. બનાસ ડેરી સંચાલિત 'બનાસ બાયો સીએનજી પ્લાન્ટ' દ્વારા તૈયાર કરવામાં આવતું 'બ્રાઉન અમૃત' (લિક્વિડ સ્લરી) એ માત્ર ખાતર નથી, પણ જમીન માટે સંજીવની સમાન છે. રાસાયણિક ખેતીથી થાકેલી જમીનને પુનઃજીવિત કરવા માટે આ એક શ્રેષ્ઠ કુદરતી વિકલ્પ સાબિત થઈ રહ્યો છે.

## મુખ્ય વિશેષતાઓ અને લાભો:

- **કાર્બન અને સૂક્ષ્મજીવોનો ભંડાર:** જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધારે છે, જે અદ્રશ્ય એવા માઇક્રોબ્સની સંખ્યામાં વધારો કરી જમીનને જીવંત બનાવે છે.
- **ભેજ સંગ્રહશક્તિમાં વધારો:** આ સ્લરીનો ઉપયોગ કરવાથી જમીનમાં લાંબા સમય સુધી ભેજ જળવાઈ રહે છે, પરિણામે પિયતની જરૂરિયાત ઓછી રહે છે અને પાક સૂકા સામે ટકી શકે છે.
- **નિંદામણમુક્ત શુદ્ધ ખાતર:** સામાન્ય છાણીયા ખાતરમાં નિંદામણના બીજ હોવાની શક્યતા રહે છે, જ્યારે 'બ્રાઉન અમૃત' સંપૂર્ણ પ્રક્રિયામાંથી પસાર થતું હોવાથી તે શુદ્ધ અને નિંદામણમુક્ત છે.

**ઝડપી પોષણ:** આ લિક્વિડ સ્વરૂપમાં હોવાથી છોડના મૂળ સુધી પોષક તત્વો ત્વરિત પહોંચે છે, જેનાથી પાકનો વિકાસ ઝડપી અને તંદુરસ્ત થાય છે.

- **રાસાયણિક મુક્ત ખેતી:** તેના નિયમિત વપરાશથી મોંઘા યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટે છે અને ખેતી ખર્ચમાં મોટો ફાયદો થાય છે.

બનાસ બાયો સીએનજી પ્લાન્ટનું આ 'બ્રાઉન અમૃત' ખેડૂતો માટે આર્થિક બચત અને જમીનની ફળદ્રુપતા જાળવવાનું ઉત્તમ સાધન છે. જો આપણે ધરતી માતાને ફરી ફળદ્રુપ બનાવવી હશે, તો બ્રાઉન અમૃત અપનાવવું જ પડશે.



### માનનીય ચેરમેન
### શ્રી શંકરભાઈ ચૌધરીનો સંદેશ:

"અમારું લક્ષ્ય બનાસના ખેડૂતને માત્ર દૂધ ઉત્પાદક જ નહીં, પણ ઊર્જાદાતા અને સમૃદ્ધ પ્રાકૃતિક ખેડૂત બનાવવાનું છે. બનાસ બાયો સીએનજી પ્લાન્ટ દ્વારા તૈયાર થતું 'બ્રાઉન અમૃત' જમીનના આરોગ્યને સુધારી ખેતી ખર્ચમાં ઘટાડો કરે છે અને આવનારા સમયમાં આપણી ખેતીને રાસાયણિક ઝેરથી મુક્ત કરી સાચા અર્થમાં 'સુજલામ સુફલામ' બનાવશે."



# બનાસ ડેરીના પટાંગણમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બનાસ ડેરીના પટાંગણમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ધ્વજ વંદનનો સન્માનિત કાર્યક્રમ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીના વરદ હસ્તે સંપન્ન થયો હતો. તેમણે સૌ બનાસવાસીઓને અને ડેરીના કર્મચારીઓને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને સહકારથી સમૃદ્ધિ અને વિશ્વાસથી વિકાસના માર્ગે અગ્રેસર રહેવાની પ્રેરણા આપી હતી.



મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓ, બંધારણ ઘડવૈયાઓ અને દેશની સુરક્ષા માટે પોતાનું જીવન અર્પણ કરનારા વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. પ્રાસંગિક ભાષણમાં તેમણે તિરંગાને ભારતના સ્વાતંત્ર્ય, લોકશાહી અને પ્રજાસત્તાકના મૂલ્યોનું પ્રતિક ગણાવીને તેના પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી ઊજાગર કરી હતી.







**તેમણે ખાસ ભાર મૂકીને જણાવ્યું હતું કે ત્રિરંગો માત્ર એક ધ્વજ નહીં પરંતુ દરેક નાગરિકની આશા અને આકાંક્ષા, દેશના સર્વાંગી વિકાસ માટેનો માર્ગદર્શક છે. આ સાથે તેમણે આહ્વાન કર્યું હતું કે મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાઓ સાકાર કરવા માટે પશુપાલકો, ખેડૂતો અને યુવાનોને સંયુક્તપણે આગળ વધવું જોઈએ.**

**બનાસ ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓની વિશિષ્ટ હાજરીમાં યોજાયેલા આ પ્રજાસત્તાક પર્વે દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાની મજબુત ભાવના વ્યક્ત કરી હતી.**

**જય હિંદ! જય ભારત!**

# બનાસ ડેરીના આદ્યસ્થાપક
# સ્વ. ગલબાભાઈ પટેલની ૫૩મી પુણ્યતિથિની ભાવભરી ઉજવણી

બનાસકાંઠાની ધરા પર શ્વેત ક્રાંતિના બીજ રોપનાર અને લાખો પશુપાલકોના ભાગ્યવિધાતા એવા બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૫૩મી પુણ્યતિથિ નિમિત્તે બનાસ ડેરી સંકુલ ખાતે ગરિમાપૂર્ણ રીતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવીને સહકારના માધ્યમથી જિલ્લાના અર્થતંત્રને નવી દિશા આપનાર આ મહામાનવના પવિત્ર ચરણોમાં સમગ્ર બનાસ પરિવારે 'શત્ શત્ નમન' કર્યા હતા.

પુણ્યતિથિના આ પ્રસંગે બનાસ ડેરીના મુખ્ય કેમ્પસમાં સ્થાપિત સ્વ. ગલબાભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ડેરીના વહીવટી તંત્રના હોદ્દેદારો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં કર્મચારીઓએ ફૂલહાર ચડાવીને ગલબાકાકાના વિરાટ વ્યક્તિત્વ અને તેમના અમૂલ્ય સેવાકાર્યોને યાદ કર્યા હતા. આ પ્રસંગે વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું અને ઉપસ્થિત સૌ કોઈએ પશુપાલકોના ઉત્કર્ષ માટેના તેમના સંકલ્પોને દોહરાવ્યા હતા.

આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાએ, જે સમયે બનાસ ડેરીની સ્થાપના કરી હતી, ત્યારે પશુપાલન માત્ર જીવનનિર્વાહનું સાધન હતું, પરંતુ તેમના દૂરંદેશી વિઝનને કારણે આજે તે એક સમૃદ્ધ ઉદ્યોગ બન્યો છે. તેમના દ્વારા સ્થાપિત નૈતિક મૂલ્યો, પારદર્શિતા અને સેવાભાવની સરવાણી પેઢી દર પેઢી આપણને પ્રેરણા આપતી રહેશે. બનાસ ડેરીની ઉત્તરોત્તર પ્રગતિ એ ગલબાકાકાના વાવેલા વટવૃક્ષનું જ પરિણામ છે.

કર્મચારીઓ દ્વારા મૌન પાળીને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી અને પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે, સંસ્થાના હિત અને પશુપાલકોની સેવામાં ગલબાકાકાએ જે માર્ગ ચીંધ્યો છે, તે જ માર્ગ પર ચાલતા રહીને બનાસ ડેરીને વૈશ્વિક ફલક પર વધુ ઉંચાઈએ લઈ જઈશું. શ્વેત ક્રાંતિના આ પ્રણેતાની પુણ્યસ્મૃતિ આજે પણ બનાસકાંઠાના પ્રત્યેક ગામડે અને પ્રત્યેક પશુપાલકના હૃદયમાં જીવંત છે.









# માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે કરાયું વાવ-થરાદ બિઝનેસ એક્સપો 2026નું લોકાર્પણ

બનાસકાંઠાના સરહદી વિસ્તારમાં આર્થિક ઉન્નતિના નવા દ્વાર ખોલતા 'વાવ-થરાદ બિઝનેસ એક્સપો 2026'નું ભવ્ય લોકાર્પણ માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે નવા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ખેતી, સ્થાનિક વેપાર અને સ્વરોજગારને પ્રોત્સાહન આપતા આવા આયોજનોથી સમગ્ર વિસ્તારમાં એક નવો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. વિશેષ કરીને, હાથવણાટ જેવી પરંપરાગત કળાઓ દ્વારા ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભરતા તરફ મક્કમ ડગ માંડી રહી છે, જે ખરા અર્થમાં સહકાર અને સશક્તિકરણનો ઉત્તમ માર્ગ છે. આ એક્સપો સ્થાનિક ઉદ્યોગસાહસિકોને એક મજબૂત મંચ પૂરું પાડીને વિસ્તારની આર્થિક પ્રગતિમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.





